# રાજ્ય પરીક્ષા બોર્ડ

## જીસીસી ટાઈપ પરીક્ષા – ૨૦૨૪ પરિણામનુ જાહેરનામું

ક્રમાંક:રાપબો/જીસીસી ટાઈપ/પરિણામ/૨૦૨૫/૫૬-૬૫ તા:૦૬/૦૧/૨૦૨૫

રાજ્ય પરીક્ષા બોર્ડના તારીખ:૧૮/૦૭/૨૦૨૪ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/જીસીસી/જુલાઈ-૨૦૨૪/૬૩૧૬-૫૩ અનુસાર જીસીસી ટાઇપની પરીક્ષાનુ આયોજન તા.૦૬/૧૦/૨૦૨૪ નાં રોજ કરવામાં આવેલ હતું.

જીસીસી ટાઈપ પરીક્ષા – ૨૦૨૪ નુ પરિણામ નીચે મુજબની વિગતે આજ રોજ તા:૦૬/૦૧/૨૦૨૫ એ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

| ક્રમ | સ્પીડ | નોંધાયેલ | હાજર | ગેરહાજર | પાસ | નાપાસ | પરિણામની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી – ૨૫ | ૧૦૨૮ | ૮૨૧ | ૨૦૭ | ૪૬૪ | ૩૫૭ | ૫૬.૫૨% |
| ૨ | ગુજરાતી – ૪૦ | ૩૬૧ | ૨૬૪ | ૯૭ | ૧૮૪ | ૮૦ | ૬૯.૭૦% |
| ૩ | અંગ્રેજી – ૪૦ | ૬૬૩ | ૪૮૯ | ૧૭૪ | ૧૪૮ | ૩૪૧ | ૩૦.૨૭% |
| ૪ | અંગ્રેજી – ૫૦ | ૧૩૦ | ૯૩ | ૩૭ | ૩૬ | ૫૭ | ૩૮.૭૧% |
| ૫ | અંગ્રેજી – ૬૦ | ૭૩ | ૫૪ | ૧૯ | ૮ | ૪૬ | ૧૪.૮૧% |
| ૬ | હિન્દી – ૩૦ | ૧૧ | ૭ | ૪ | ૫ | ૨ | ૭૧.૪૩% |
| | કુલ | ૨૨૬૬ | ૧૭૨૮ | ૫૩૮ | ૮૪૫ | ૮૮૩ | ૪૮.૯૦% |

જીસીસી ટાઈપ પરીક્ષા - ૨૦૨૪ના પરીણામ અન્વયે ગુણ ચકાસણી અને પુનઃ અવલોકન કરાવવા ઈચ્છતા ઉમેદવારોએ નીચેની સુચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

- જે ઉમેદવાર ગુણ ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તેઓએ આ સાથે સામેલ નિયત નમુનામાં ગુણ ચકાસણીની અરજી અને ગુણ ચકાસણી ફી (રૂ.૧૧૮/- અંકે રૂપિયા એકસો અઢાર પુરા) નો "સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ" નાં નામનો ડી.ડી. રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે મોકલી આપવાનો રહેશે. જેની અંતિમ તારીખ તા:૧૬/૦૧/૨૦૨૫ રહેશે. તા:૧૬/૦૧/૨૦૨૫ બાદ આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ તેની ખાસ નોંધ લેવી.
- જે ઉમેદવાર પુનઃ અવલોકન કરાવવા ઈચ્છતા હોય તેઓએ આ સાથે સામેલ નિયત નમુનામાં પુનઃ અવલોકનની અરજી અને પુનઃ અવલોકન ફી (રૂ. ૩૫૪/- અંકે રૂપિયા ત્રણસો ચોપ્પન પુરા) નો "સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ" નાં નામનો ડી.ડી. રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે મોકલી આપવાનો રહેશે. જેની અંતિમ તારીખ તા:૧૬/૦૧/૨૦૨૫ રહેશે. તા:૧૬/૦૧/૨૦૨૫ બાદ આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ તેની ખાસ નોંધ લેવી.

બિડાણ:

- ગુણ ચકાસણીનુ ફોર્મ
- પુનઃ અવલોકનનુ ફોર્મ

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ રવાના:

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સંબંધિત

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કોમર્શિયલ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ
- માન્ય ટાઈપ ઈન્સ્ટીટ્યુટ, સંબંધિત

નકલ સવિનય રવાના જાણ સારું:

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) નાં અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ – ૧, ગાંધીનગર
- માન. રાજ્ય કક્ષા મંત્રીશ્રી (શિક્ષણ) નાં અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ – ૨, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણીક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર